યુગાન્તર યજ્ઞની પહેલી આહુતિ.

પાશેર પુણીમાંથી પાદશાહી.

ના

ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા.

યુગાન્તર કાર્યાલય
કણપીઠ, સુરત.

ભાવના સૃષ્ટિ

(સચિત્ર)

લેખક

પ્રો. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ
ત્રિવેદી. એમ. એ. (પ્રેરિત.)

ગીતાંજલિ ને ગાર્ડનર સમા પ્રેમના, પ્રકૃતિના,
પ્રભુના, દેશભક્તિ ને તત્ત્વજ્ઞાનના
ગીતો ગાતી
તદ્દન નવીન શૈલીમાં લખાયેલી, પાને પાને
હૃદયસ્પર્શી અતિ રસીલી ને કલાવંતી
ભાવનાઓ
ટુંક સમયમાં બહાર પડશે.

ગાંડીવ મુદ્રણાલય કણાપીઠ સુરતમાં નટવરલાલ
મૂળચંદ વીમાવાળાએ છાપ્યું. અને યુગાન્તર
કાર્યાલય, કણુપીઠ સુરતમાંથી રતિલાલ નાના
ભાઈ તન્નાએ પ્રગટ કર્યું.

યુગાન્તર ગ્રંથમાલાના ગ્રાહકોને ભેટ.

પાશેર પુણીમાંથી પાદશાહી.

કર્તા

ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા.

પ્રકાશક
યુગાન્તર કાર્યાલય
કણપીઠ, સુરત.

મૂલ્ય એક આનો.

દરેક વાંચનારને

આપણી સ્થિતિ એવી છે કે જ્ઞાન ચારિત્ય વર્ધક પુસ્તિકાઓ જેમ છૂટથી ફેલાય એમ શક્તિઅનુસાર બને તેટલાએ કરવું જોઇએ.

એ નમ્ર મત અનુસાર **યુગાન્તર યજ્ઞ**ની યોજના યોજાઇ છે. આ યોજનાની સફળતા યુગાન્તર ગ્રંથમાલાના ગ્રાહકો પર આધાર રાખે છે. **યુગાંતર ગ્રંથમાળા**ની યોજના સફળ થયે વર્ષોવર્ષ જ્ઞાનચારિત્યવર્ધક પુસ્તિકાઓનો બનતો પ્રચાર કરવા હમારો ઇરાદો છે.

માણસોને જેટલી ખાનપાનાદિની જરૂર છે તેટલીજ બલ્કે તેથી વિશેષ માનસીક ખોરાકની જરુર છે. સારા વાચનની રુચી વધારવી એ એક રુડી જનસેવા—પ્રભુસેવા છે. એથી પોતાને ત્યાં આવતા અનેક નાના મોટા પ્રસંગોપર સારાં પુસ્તકોનો પ્રચાર કરે, તેમજ તેમ કરવા પાડોશીઓ અને સ્નેહીજનોને પ્રેરે એ અતિ અગત્યનું છે. એમ કરતાં એ એક રુઢી થઇ જશે અને આપણી સાર્વત્રિક ઉન્નતિ સહજ થશે. ચેતન વિનાના શરીરની જેમ, જ્ઞાન વિનાનું મન, ચારિત્ર વિનાનું જીવન નકામું છે. એ માટે સુંદર પુસ્તકોનું વાચન અને યથાશક્તિ સંગ્રહ દરેકે કરવો જોઇએ. સારા ગ્રંથો એ અલંકાર છે, અમુલ્ય વારસો છે.

આ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલા, તેમજ જે પુસ્તકો વેચવાની ગોઠવણ થયેલી છે તે ઉપલા કામ માટે ઉપયોગી છે એમ કહ્યા વિના ચાલતું નથી.

સં. ૧૯૭૯: સૌભાગ્ય નવમી.

શ્રી ________________________ ને

પરમ પ્રેમ પૂર્વક—

ઉપહાર

________________________ તરફથી

પાશેર પુણીમાંથી પાદશાહી.

૧

"દયાળુ બ્હેન! દયા લાવી કંઈ વધુ આપો અને આ બચ્ચાઓને ઉગારો ભગવાન ત્હમારૂં ભલું કરશે." આજીજી કરતી ભીખારણે ફુલકુંવરને વિનવવા પ્રયત્ન કર્યો.

"કેમ! ત્હને એક, બે, ત્રણ, ચાર અને છેલ્લે પાંચ રૂપીયા આપ્યા એ પણ ઓછા પડ્યા? લોભને કંઇ થોભ ખરો કે?" ભીખારણની તૃષ્ણા વધતી જતી જોઇ ફુલકુંવરે ઠપકાભરી દૃષ્ટિ ફેંકી.

"શું કરું બ્હેન! આ પાપી પેટ બધું કરાવે છે. આઠ દિવસમાં છોકરાઓને એક ટંક પણ ખાવાનું મળ્યું નથી. ગરીબી......હાય......ગરીબી......વીતી હોય તે જાણે...દયામણું સ્વરે બોલતી ભીખારણે બન્ને હાથે પોતાનું માથું કૂટ્યું.

"માથું શાને કૂટે છે! ત્હને પાંચ રૂપીયાયે ઓછા પડ્યા? તું ધારે તો પાશેર રૂની પુણી લાવી બધાનું પેટ ભરી શકે, પણ આ માગી ખાનારને કામ કરવું ક્યાંથી ગમે?"

"પાશેર રૂની પુણીમાં મ્હારૂં શું વળે બા?

ત્હમો પૈસાવાળાંઓને અમારા દુઃખની શી ખબર પડે. ” રડતાં છોકરાંઓને છાના રાખતી ભીખારણે ખુલાસો કર્યો.

“ પાશેર રૂની પુણીમાં શું વળે ? અરે પાશેર પુણીમાંથી તો પાદશાહી ખડી થાય. સ્હમજી કે ? ” ફુલકુંવરે મ્હોટે અવાજે ભીખારણને સ્હમજાવી.

સ્હામે ચોપડીઓ વેચનારની દૂકાનપર બેઠેલા એક નવયુવાનના ‘ પાશેર પુણીમાંથી તો પાદશાહી ખડી થાય ’ એ શબ્દો સાંભળતા કાન ચમક્યા. તેણે ધ્યાન દઇને ભીખારણ અને ફુલકુંવર વચ્ચે થયેલી વાતચીત સાંભળી હતી.

સુવર્ણપુરીમાં આજે ફુલડોલનો ઉત્સવ ઉજવાઇ રહ્યો છે. વેણુ નદીને કાંઠડે ચાંદનીમાં દર સાલની માફક એક મોટો મેળો ભરાયો છે. આસપાસના ન્હાનાં ન્હાનાં ગામડાંઓના ગ્રામ્યજનો આ ફુલડોલનો મેળો જોવા મોટી સંખ્યામાં ઉતરી પડ્યાં છે. નદીને કાંઠે કાંઠે ચમકતી ચાંદનીમાં મેળાની બજારો ઝગેઝગી રહી છે. વિવિધ જાતના વાસણો, તરેહવાર દેશી કારીગીરીની ચીજો; બાળકોને રંગબેરંગી દેશી ખેલવણાં તથા સુવર્ણપુરીની આસપાસમાં બનતી હાથ કંતામણ અને હાથ વણાટની કસુંબલ રંગની ભાતીગર ચુંદડીઓ આ મેળાને ખાસ આકર્ષક બનાવતી હતી. આભની અગાસીએ ચંદ્રમા ચડયો તે સાથે ઠામ ઠામ કર્ણપ્રિય દૂહાના લલકાર અને રાસ મંડલમાં નૃત્ય કરતી નવયૌવન પુર ભરતીમાં ઉછળતી સુન્દરીઓના પગના ઠમકારથી વાતાવરણ રસભેર હેલે ચડયું હતું. આ મેળામાં

સુવર્ણપુરના નગરશેઠની પુત્રી ફુલકુંવર પણ પોતાની સમોવડી સખીઓ સાથે આવી હતી. યુવાનીના ચીરાગથી ચમકતી તે સર્વનું ધ્યાન ખેંચતી હતી. મેળામાં ઘણાય રસિયાઓની રસભરી આંખો વસન્તોત્સવની ફુલરાણી સરીખી ફુલકુંવરને જોઇ જોઇ ફરી જોવા ઉત્સુકતામાં નાચતી હતી.

સુવર્ણપુરીના દિવાનનો પુત્ર સુધાકર નદીને કાંઠે આમ્ર વૃક્ષને ઓથે મંડાયલી પુસ્તકોની દુકાનપર બેસી પોતાના મિત્ર સાથે જુના પુસ્તકોના પાના ફેરવતો હતો. આ વખતે ફુલકુંવર પોતાની સખીઓ સાથે આ દુકાન પાસેથી નીકળી ન્હાના ન્હાના ચાર નાગાં છોકરાંઓ સાથે ફાટયાં તૂટયાં વસ્ત્રમાં શરીરની આબરૂ માંડમાંડ ઢાંકતી એક ભીખારણે ફુલકુંવર પાસે મદદ માટે હાથ લંબાવ્યો. દયાની દેવી સરીખી ફુલકુંવરે ભીખારણના હાથમાં એક રૂપીઓ મૂકયો. ભીખારણને આથી સંતોષ ન થયો જોઇ બીજો રૂપીયો આપ્યો. આવી રીતે પાંચ રૂપીયા ફુલકુંવરે ભીખારણને આપ્યા. પણ ભીખારણની તૃષ્ણા વધતીજ ગઇ, તેથી શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે પાશેર પુણી લઇ કાંતવા માટે ફુલકુંવરે તેને સલાહ આપી. સુધાકરે આ વાતચીત ધ્યાન દઇને સાંભળી. ભીખારણને શીખામણ આપનાર આ કુમારીકા કોણ છે તેની તપાસ પેલા દુકાનદાર પાસે કરી. પાશેર પુણીમાંથી પાદશાહી એ ફુલકુંવરના શબ્દો સુધાકરને ખુંચ્યા. ફુલકુંવરે પણ સુધાકરને પોતાની તરફ ભારી-

કાઇથી નિરખતો નિહાળ્યો. સુધાકરને તો ફુલકુંવરના શબ્દે શબ્દ શ્રીમંતાઈ તથા યુવાનીનું અભિમાન દેખાયું. 'પરણું' તો એનેજ પરણું, અને પાશેર પુણીમાંથી પાદશાહી એ માત્ર એક દીવાની વ્યક્તિના શબ્દોજ છે એવું સાબીત કરી આપું ત્યારેજ મારૂં નામ સુધાકર' એવો નિશ્ચય કરી પોતાને ઘેર ગયો. અને પોતાનુ સઘળું બળ અજમાવી ફુલકુંવરને પોતાની ભાર્યા બનાવવા તેણે પ્રયત્ન શરૂ કર્યો. તેના પિતા દિવાન હોવાથી તથા તેની પોતાની ગામમાં સારી શાખ હોવાથી આખરે ફુલકુવર અને સુધાકર લગ્નગાંઠથી જોડાયા.

૨

સૌન્દર્યની દેવી ફુલકુંવર સાસરે આવી. સુધાકરની માતાએ પોતાના પુત્રને આવી ગુણીયલ પત્ની મેળવવા માટે પરમ ભાગ્યશાળી માન્યો. સુધાકરના મિત્રોએ આવી ગૃહલક્ષ્મી પ્રાપ્ત કરવા માટે તેને અનેક અભિનંદનથી નવાજ્યો. ફુલકુંવરને પોતાની કરવા મથતા યુવાનોની આશા ભંગ થઇ અને સર્વેએ સુધાકરના જીવનને સાચું સુખી જીવન ગણ્યું. સૌવર્ણપુરી ફુલકુંવરને સુધાકરની જુગતી જોડી જોઇ સંતોષ પામી. પણ સુધાકરના દિલમાં તો એકજ વાત રમી રહી હતી. જે છટાથી ' પાશેર પુણીમાંથી પાદશાહી ' મેળવવા ફુલકુવરે તે રાત્રીએ મેળામાં ભીખારણને શીખામણ આપી હતી તે દૃશ્ય તેની આંખ આગ-

ળ રાતદિન તરવરતું હતું. તેને તો એકજ લગની લાગી હતી કે ફુલકુંવરનું એ વાક્ય ખોટું ક્યારે પાડું ? તે વારે વારે એકલો એકલો મનમાંને મનમાં હસ્યાંજ કરતો હતો. ' પાશેર પુણીમાંથી પાદશાહી ' એ વિચારજ તેને બાલીશતાભર્યો લાગતો હતો.

સુધાકર જેવો ગૃહદેવ પોતાને મળ્યો એ જોઇ ફુલકુંવરના હૈયામાં હેતનાં હિલોળ ચઢ્યા. પોતાના સદ્-ભાગ્ય માટે ત્હેણે પરમ પિતા પ્રભુજીનો પાડ માન્યો. પણ જે હર્ષથી એ સરિતા સાગરને મળવા તલ્પી રહી હતી—ઉછળી રહી હતી તે હર્ષથી એ સાગર સરિતાને ઝીલી શક્યો નહિ. ત્હેણે તો થોડા દિવસમાં ફુલકુંવરની વાટ ખોટી પાડવા માટે તૈયારી કરી.

" મ્હારૂં કહ્યું તું માનશે ? " તમને શંકા પડે છે ? હું તો હમેશા એવીજ પ્રાર્થના કરૂં છું કે મારા રામની હું સીતા બનું. ફુલકુંવરે હૃદયનો આદર્શ બતાવ્યો.

" સીતા ! " સુધાકર મશ્કરીમાં ખડખડાટ હશી પડ્યો ફુલકુંવર સુધાકરના આ હાસ્યનો કંઇ અર્થ સમજી શકી નહિ. તેણે તો પતિના મુખચંદ્રનું પાન કરતાં પોતાના નયનોને ભાગ્યશાળી માન્યા.

" ત્યારે હું કહું તેમ તું જરૂર કરીશ ? " સુધાકરે ફરી ચલાવ્યું.

" જરૂર—એક હજારવાર જરૂર. "

" જો ફુલ ! મારી એવી ઇચ્છા છે કે પોતાનું

કમાયેલુંજ ખાવું. બાપકમાઇથી જીવનાર પુત્રને હું હતભાગી માનું છું."

"યથાર્થ છે" ફુલકુંવરે સ્વામી સાથે આશાભરી મીટમાંડી.

"ત્યારે આપણે આજને આજ સવારે વ્હેલાં ચૂપચૂપ ચાલી નીકળવું છે. બોલ તું તૈયાર છે?"

"જ્યાં તમે ત્યાં હું. તમે સાથે હો, તો હું ડુંગરની ટોંચપર રહેવા પણ તૈયાર છું."

"પણ આ વૈભવ ત્યાં નહિ મળે આપણે પોતાને હાથે કમાઇ ખાવું પડશે, એટલે શરૂઆતમાં અનેક પ્રકારના દુઃખો આવશે તે તું સહી શકીશ?"

"પતિની સાથે રહી ગમે તેવાં દુઃખોની સામે થવા હું તૈયાર છું." ફુલકુંવરે સુધાકરને પોતાની દ્રઢતાની ખાત્રી આપી.

"તું જો તૈયાર હોય તો આ તારા દાગીના બધા ઉતારી નાંખ. આપણે પિતાજીના ઘરની એક પાઇ પણ ન લઇ શકીયે."

"હું તો એમ પણ ઇચ્છું છું કે મારા માવતરના ઘરના દાગીના પણ આપણે સાથે ન લઇએ તો વધારે સારૂં ગણાય." દાગીના ઉતારતી ઉતારતી ફુલકુંવરે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"હુ પણ તને એજ કહેવાનો હતો. દાગીના ઉપરાંત જે કિંમતી વસ્ત્રો તેં પહેર્યાં છે તે પણ તારે ઉ

તારવા પડશે." ફુલકુંવરના મ્હેરાપર પોતાના શબ્દોની થતી અસર તપાસતો સુધાકર પાસેના ખંડમાં ગયો અને જાડા પાણકોરાંના વસ્ત્રો લઇ તે પાછો આવ્યો.

ફુલકુંવરે બહુ હર્ષથી પોતાનાં મોઘાંમૂલાં વસ્ત્રો ઉતારી આ જાડાં દેશી કપડાં પહેર્યાં. સૌંદર્યમાં સાદાઇ મળતાં ફુલકુંવર આજે કંઇ ઓર તેજસ્વી દેખાય. પારેર પુણીમાંથી પાદશાહી ખડી થાય એ એક મૂર્ખાઇ ભર્યો ખ્યાલ છે, એવી મૂર્ખાઇમાં ઘેલા બનેલા સુધાકરને આ તેજસ્વીતા કાંઇ પણ અસર કરી શકી નહિં. તેને તો વ્હેલું પડે સહવાર કે તુરત આ ઘર છોડી ફુલકુંવરની કસોટી કરવી એજ વિચાર મગજમાં રમ્યા કરતો હતો. બુદ્ધિવાદની સુકી ગણતરીમાં ખેલતા સુધાકરને નયન ખોલી આ ગૃહમંદિરે વિરાજતી વિશુદ્ધતાભર્યાં સૌંદર્યદેવીના દર્શન ક્યાંથી આકર્ષી શકે ?

ફુલકુંવર તો પોતાના પતિના સ્વાશ્રયી બનવાના આ કાર્યને યશસ્વી બનાવવા ગમે તેવાં દુઃખો ખમવા તૈયાર હતી. પોતાની સાથે રહી ખોરી જુવારનો રોટલો મળે તોપણ આ ગર્ભશ્રીમંત યુવતી તેને પકવાન્ન ગણી પતિના દુઃખે દુઃખી ને સુખે સુખી બની પતિની આજ્ઞા ઉઠાવવા તૈયાર હતી. જાડા પાણકોરાંનો ઘાઘરો, ચોળી તથા ધીંગો પછેડો મુલાયમ મખમલ કે સાટીનથી આજે વિશેષ પ્રિય લાગ્યાં.

આ બધી વાતોનાં સુધાકર ખરચી જોગી સારી રકમ લેવાનું ચૂક્યો નહિ. મળસ્કું થતાં આ દંપતિએ પોતાનું ગૃહ છોડયું.

લાંબી દરિયાઇ મુસાફરી ખેડી સુધાકર અને ફુલકુંવર સૂર્યાસ્તને સમયે મેઘબંદરને કિનારે ઉતર્યાં. બંદરથી ગામ અરધો કોસ દૂર હોવાથી, રસ્તામાં આવતાં એક શિવાલયમાં સુધાકરે રાત્રી ગુજારવા ઉતારો કર્યો.

ફુલકુંવર ઉઠે તે પહેલાં સુધાકર વહેલો ઉઠયો. ફુલકુંવેરે પહેરેલ જાડા પછેડાને એક છેડે રૂની પાશેર પુણી બાંધી દીધી. ફુલકુંવર ઉઠતાં, ગામમાં ઘરની તપાસ કરી ત્હને તેડવા હમણાં પાછો આવું છું, એમ સમજાવી સુધાકર શહેર ભણી ગયો.

બસ, સુધાકર ગયો તે ગયોજ. શહેરમાંથી તે પાછો ફર્યોજ નહિ. જેણે ટાઢ કે તડકો જોયા નથી, જે માત્ર શ્રીમંતાઇમાં ઉછરી છે એવી ફુલકુંવરને અજાણ્યાં પ્રદેશમાં તદ્દન એકલી મૂકી સુધાકર જાવાબંદર જતાં એક વહાણમાં ચડી બેઠો.

ગરીબ બિચારી ફુલકુંવર ! પતિની રાહ જોઇ તેની આંખડી થાકી. કલાક બે કલાક એમ વખત વીતતો ગયો તેમ તેમ ફુલકુંવરની ચિંતા વધી. અજાણ્યા દેશમાં પોતાના પતિને કંઇ અનિષ્ટ થયું હશે એ ચિંતામાં ને ચિંતામાં આ સૌન્દર્ય વેલડીનું નૂર ઝાંખું થયું. તેનું મનોહર મુખડું કરમાયું. શિવાલયના ભૂદેવે બપોર થતાં ફુલ-

કુંવરને જમવા આગ્રહ કર્યો. પતિ વિહોણી ભાર્યાને જમવાનું શી રીતે ગમે ? તેણે તો પુજારીને પોતાના પતિની શોધ કરવા વિનંતી કરી. આમ સાંજ સુધી તપાસ કરાવી, પણ સુધાકરનો પત્તો ન મળ્યો.

સાંજના મેઘબંદરનો વૃદ્ધ નગરશેઠ અમરચંદ શંકરને દર્શને આવ્યો. પુજારીએ ફુલકુંવરની હકીકતથી તેને વાકેફ કર્યો. અમરચંદે ફુલકુંવરને ગામમાં આવવા સમજાવી. અને ખાતરી આપી કે પોતે તેના પતિને જરૂર શોધાવી આપશે.

નિરાધાર ફુલકુંવર અમરચંદને પોતાનો ધર્મનો પિતા ગણી તેની સાથે ગામમાં આવી.

અમરચંદ શેઠને ત્યાં અઢળક લક્ષ્મી હતી. સંતાનમાં માત્ર મધુરી નામની એક ચૌદ વર્ષની કન્યકા હતી. વૃદ્ધ માતાપિતા આ કન્યકાને જોઇ જીવતાં. ફુલકુંવર આવતાં મધુરીની માતા મોતીમા બહુ પ્રસન્ન થયાં.

અમરચંદે ચારે તરફ માણસ મોકલી બહુ તપાસ કરાવી પણ સુધાકરની ભાળ લાગી નહિં. મોડી રાત સુધી આશામાં ને આશામાં રાહ જોતી ફુલકુંવર હવે નિરાશ થઈ. તેની હિમ્મત હવે ખતમ થઇ હોય એમ દેખાયું. પોતાના પતિની ચિંતામાં તેની આંખોમાંથી અશ્રુધારા ચાલી. અમરચંદે તથા મોતીમાએ બહુ હિમ્મત આપી પણ પતિપ્રેમી આ લલનાને પતિનું અમંગળ થયું હશે એ શંકાએ બહુ ગભરાવી. મહા મુશ્કેલીએ સવારની ભૂખી ફુલકુંવરને

મોતીભાએ સમજાવી જમાડી.

અમરચંદે ફુલકુંવરને મધુરી સમ ગણી. રાત્રે સુતાં સુતાં ફુલકુંવર પોતાના અશ્રુ પછેડાને છેડે લૂછતી હતી તેટલામાં પછેડાને છેડે બાંધેલી પેલી પાશેર રૂની પુણી આંખના અશ્રુબિંદુથી ભીંજાઇ સહજ ભારે થઇ હતી. અચાનક તેના પર ફુલકુંવરની આંગળીઓ દબાઇ. પછેડાને છેડે આ પોચું પોચું શું છે તે તરફ તેનું ધ્યાન ખેંચાયું. ફુલકુંવરે આ ગાંઠ છોડી તો તેમા રૂની પુણી પોતાના આંસુઓથી ભીંજાયલી દેખાઇ.

આ શું ? પોતાના પછેડાને છેડે રૂની પુણી ક્યાંથી ? એક પળમાં ચતુર ચપળા ભેદ સમજી ગઇ. વેગ નદીને કાંઠે ભરાયલો ફુલડોલનો મેળો યાદ આવ્યો. ભીખ માંગતી ભીખારણ સાંભરી. પાશેર પુણીમાંથી પાદશાહી ખડી થાય એવી પોતે ભીખારણને આપેલ શીખામણના શબ્દો તેના સ્મરણમાં તાજા થયા. ભીખારણની સાથે થયેલી વાતચીત વખતે સુધાકર સામેની દુકાને બેઠો હતો એ પ્રસંગ નજર આગળ ખડો થયો. સુધાકરે લગ્ન માટે બહુજ ઉતાવળ કરી હેનું કારણ હવે હેને સમજાયું. પોતાનો પતિ પોતાને સહેતુક પરીક્ષા માટે છોડી ગયો છે એનો ભેદ સમજતાં ફુલકુંવરને વાર લાગી નહિ. દિવસ આખો રડી રડી ચિંતામાં કાઢયો હતો પણ આખી રાત હવે શું કરવું એના વિચારમાં ફુલકુંવરે ગાળી.

૪

"બ્હેન આ ઘર ત્હારૂં છે એમ માની બેફીકર અત્રે રહે. મેં દેશાવરના અમારા આડતીયાઓ ઉપર ત્હારા પતિની તપાસ કરવા માટે પત્રો લખાવી નાંખ્યા છે." વૃદ્ધ અમરચંદે ફુલકુંવરને હિમ્મત આપી.

"અને તમે મારાં મ્હોટાં બ્હેન તરીકે રહો એવી મારી વિનંતિ છે." મધુરીએ મધુર ટહૂકો કર્યો.

"પિતાજી! આપ મારા ધર્મના પિતા છો. આ અજાણ્યા દેશમાં આપે એક અજાણી અબળાને જે સહાય આપી છે તે માટે પ્રભુ આપનું કલ્યાણ કરશે." રાત્રે રડતી ફુલકુંવર આજે અમરચંદને હિમતવાન જણાઈ.

ફુલકુંવરની સર્વ હકીકત જાણ્યા પછી અમરચંદ શેઠે સુવર્ણપુરી પત્ર લખી ફુલકુંવરના સર્વ ખબર આપવા સૂચવ્યું.

"હું આજેજ આ બધા ખબર સુવર્ણપુરી આપું છું."

"નહિજી—જ્યાં સુધી મારા પતિનો પત્તો લાગ્યો નથી ત્યાં સુધી ત્યાં કઇ પણ ખબર આપવા નકામા છે. મારી ઇચ્છા છે કે એમની ભાળ લાગે તેટલો વખત અહીં જ રહેવું."

"ધન્યભાગ્ય બ્હેન! મારી મધુરીની મોટી બ્હેન તરીકે રહે. આ ઘર તારૂં જ છે." મોતીમાએ વાત્સલ્ય ભાવ બતાવ્યો.

પિતાજી !-આપ હવે કૃપા કરી મને આજને આજ એક રેંટીઓ લાવી આપો. હું ઇશ્વરભજન કરીશ અને સાથે સાથે રેંટીએ કાંતીશ."

ફુલકુંવરની ઇચ્છા મુજબ અમરચંદે તુરત એક રેંટીઓ મંગાવી આપ્યો. પોતાના પછેડાને છેડેથી છોડેલ પાશેર પુણીથી ફુલકુંવરે કાંતવાનું શરૂ કર્યું. ફુલકુંવરનું કાંતેલું સુતર જોઇ અમરચંદને બહુ સંતોષ થયો. અને પોતે આ સુતરનો ઉપયોગ કરશે એવી માગણી કરી. પિતા ને પુત્રી વચ્ચે હવે એવી ગોઠવણ થઇ કે જેટલું રૂ ફુલકુંવર કાંતે તેથી બમણું રૂ અમરચંદે આપવું. આમ ક્રમેક્રમે ફુલકુંવર રૂ મેળવી પોતાનું કામ વધારતીજ ગઇ. હવે ફુલકુંવરની તપશ્ચર્યાની અસર મધુરીને લાગી. તેણે પણ રેંટીઆનું પૂજન આદર્યું. મધુરીએ પણ કાંતેલ સુતરથી બમણું રૂ મેળવવું શરૂ કર્યું. હવે ફુલકુંવર અને મધુરી બન્ને મળી સારૂં રૂ એકઠું કરી શકી. આસ્તે આસ્તે પાડોશણો કૂથલીનિંદા છોડી અમરચંદને ડેલે એકઠી થવા મંડી. થોડા વખતમાં એક મોટું કાંતવાનું ખાતું હોય તેમ ફુલકુંવરની સરદારી નીચે રેંટીઆઓ શરૂ થયા. પાશેર પુણીથી શરૂ થયેલું આ રેંટીઆખાતું હવે રૂના ગંજથી ભરાવા લાગ્યું. અમરચંદે બમણું રૂ આપવાની પ્રથા ચાલુ રાખવાથી ફુલકુંવરને કાર્ય કરવાની અચ્છી સવડ મળી ગઇ. તેણે મેઘબંદરની ભીખારણોને એકઠા કરી સમજાવી રેંટીએ બેસાડી. અંત્યજવર્ગની બ્હેનોએ પણ ફુલ

કુંવરની ઉદારતાનો લાભ લીધો.

કાંતેલું સુતર વણાવી ખાદી બનાવવાનું કામ અમરચંદ શેઠે ફુલકુંવરની દેખરેખ નીચે શરૂ કરાવ્યું. ઝીણામાં ઝીણું સુતર કાંતી તેના વેજાં વણાવી તેને વિવિધ રંગોથી રંગાવી, તેમાં કળાપૂર્ણ બુટડીઓ ભરાવી મેઘબંદરની બજારમાં ફુલકુંવરના ખાતાનાં વસ્ત્રોના નમૂના અમરચંદે મૂકયા. મેઘબંદરની ગરીબી હવે ધીમે ધીમે નાસતી દેખાઇ.

મેઘબંદરનરેશ જનકરાયને કાને આ વાત જતાં વાર લાગી નહિ. મેઘબંદરની ભીખારણો રેંટીઓ ફેરવી પોતાનું ગુજરાન ચલાવે છે, મેઘબંદરની અંત્યજવર્ગની બ્હેનોએ કાંતવાનું તથા વણવાનું કામ શરૂ કરી દીધું છે, શહેરના કારીગરો સારી કલામય કારીગીરીને પુનર્જીવન આપી રહ્યા છે, ગામમાંથી ગરીબી ઓછી થતી જાય છે અને લોકો સંતોષી જીવન ગાળતાં શીખ્યાં છે એ સર્વે ખબર મળતાં જનકરાયે અમરચંદને અભિનંદન આપવા માટે તેડાવ્યો.

ફુલકુંવરને હાથે કંતાયેલ બારીકમાં બારીક સુતરની ખાદી રંગાવી–તેમાં જરીની બુટડીઓ ભરાવી એક કસુંબલ ચુંદડી રાજકુમારી નલિની માટે અમરચંદ ભેટ તરીકે લઇ આવ્યો. જનકરાય બહુ પ્રસન્ન થયો. આવી સુંદર દેશી ચુંદડી પોતાના નગરમાં બને છે એ જોઇ આ પ્રજાપ્રિય રાજાને આનંદ થયો.

"અમરચંદ શેઠ ! તમે મેઘબંદરની જૂની કારી-

ગીરી પાછી જીવતી કરી રાજ્યની પરમ સેવા બજાવી છે."

"બાપુ આ બધા યશ મારી ધર્મની પુત્રી ફુલકુંવરને છે."

"હા. મેં એનું નામ મેઘબંદરમાં સર્વત્ર સાંભળ્યું છે. મેઘબંદરના ગરીબોની દેવી છે. જ્યારે જ્યારે હું રાત્રિના નગરચર્યા જોવા નીકળું છું ત્યારે ઘેરઘેર ફુલકુંવરનું નામ લોકોને મોઢે મે સાંભળ્યું છે. હજારો ગરીબો એને આશિર્વાદ આપે છે. એ કોણ છે, વારૂ?"

અમરચંદે ફુલકુંવરની કહાણી ટુંકમાં કહી સંભળાવી. રાજાએ ફુલકુંવરને મળવા ઇતેજારી બતાવી.

"નલિની પણ એ બ્હેનને જોવા આતુર છે, અને એની પાસેથી આવું સુન્દર કાંતતાં શીખવા માગે છે. હમણાં એ આવી શકશે?" અમરચંદ સામે જનકરાયે આતુરતાભરી દ્રષ્ટિ ફેંકી.

"જી, હા."

તુરતજ બે સ્વાર સાથે પાલખી અમરચંદ શેઠને ઘેર ગઇ અને પૂરતા માનસહિત ફુલકુંવરને રાજમહેલમાં લાવવાનો રાજાજીનો હુકમ અમલમાં મૂકાયો.

સાદાં વસ્ત્રોમાં સજ્જ થયેલી ફુલકુંવર રાજમહેલમાં આવી પહોંચી. રાજાજીને નમસ્કાર કરી તેણે પોતાનું આસન લીધું.

'બ્હેન! તમે રાજ્યની અનુપમ સેવા બજાવી છે. ભીખારીઓનો ત્રાસ દૂર કરવા રાજ્યકાયદો સત્તાથી કંઇ કરે તેના કરતાં એ વિષયમાં તમે જે કામ કર્યું છે તે

જોઇ હું ખૂબ પ્રસન્ન થયો છું."

"મહારાજ ! આ બાબતમાં બધું માન મ્હારા આ ધર્મના પિતાને ઘટે છે. મેં તો રેંટીઓ એ સ્ત્રીજીવનમાં ધર્મરૂપે રહે, તો ગૃહને આંગણે શિલવંતું જીવન ગુજારી ગરીબ બ્હેનો પોતાનું પોષણ કરી શકે, એજ વિચારે આ કાર્ય આદર્યું છે. જો પિતાજીની ઉદાર મદદ ન હોત તો હું કંઇપણ કરી ન શકત."

"તમારી વ્યવસ્થાશક્તિ માટે તમે ધન્યવાદને પાત્ર છો. તમે મેઘબંદરની જૂની કારીગીરી પાછી સજીવન કરી છે. આ રાજ્યનું તમે રત્ન છો."

'જનકરાયની કૃપા ફુલકુંવર ઉપર ઉતરી.' 'કાં રામ ધણી કાં ગામ ધણી' એ ન્યાયે ફુલકુંવરની વ્હારે પ્રભુ ધાયો. રાણીવાસમા પણ ફુલકુંવરને બહુ સન્માન મળ્યું જે વર્ગ રાતદિવસ ઓઝલમાંજ રહે છે તેના જીવનમાં રેંટીઆ આશિર્વાદરૂપ થઇ પડશે, એ વિચારે રાજાસાહેબે રાજકુટુંબમાં-ભાયાતોમાં રેંટીઆ દાખલ કર્યા. રાજકુમારી નલિની ફુલકુંવરની શિષ્યા બની.

હવે રાજ્યની મદદથી હાથકંતામણ ને હાથવણાટમાં નવી નવી કારીગીરી શરૂ થઇ. થોડા વખતમાં દૂર દૂરના દેશોમાં મેઘબંદરનું નામ મોખરે ચઢયું. આખા મેઘબંદરમાં રેંટીઆના કર્ણપ્રિય સંગીતના રણકાર ગાજી રહ્યા. રાજમહેલમાં કે ગરીબની ઝુંપડીમાં, દેવમંદિરમાં કે અંત્યજવર્ગના નિવાસસ્થાનમાં ફુલકુંવરનું નામ ઘરગથ્થુ

થઇ પડયું.

આજે જનકરાયની પચાસમા વર્ષની જયંતિ છે. આખો દરબાર મેત્રબંદરમાં કંતાયેલ અને રંગાયેલ વિવિધ કલાઅંકિત વસ્ત્રોમાં શોભી રહ્યો હતો. રાજાસાહેબે પ્રજાને અનેક પ્રકારની બક્ષિસો આપી. અમરચંદને 'ગરીબના બેલી'નો અર્થપૂર્ણ ખેતાબ આપ્યો. રના વાવેતરમાંથી રાજભાગ માફ કરી પ્રજાને અપૂર્વ સંતોષ આપ્યો.

દરબાર બરખાસ્ત કરી રાજમહેલમાં આવતાવાર રાજાજીએ ફુલકુંવરને તેડાવી.

"ફુલકુંવર! ત્હેં મારી પ્રજાને સ્વાશ્રયના પાઠ શીખવ્યા છે. રાજ્યની આબાદીમાં તારો મુખ્ય હિસ્સો છે. માટે માગી લે, આજે તું જે માગે તે આપવા હું તૈયાર છું."

"રાજાજી! આપ દેવમૂર્તિ છો. મેં તો માત્ર મનુષ્યજાત તરફની મારી ફરજ બજાવી છે. તેનો બદલો લેવાની મારી કંઇપણ ઇચ્છા નથી."

"નહિ નહિ, ફુલકુંવર! તું જે માગીશ તે હું આપવા તૈયાર છું. આ બદલો નહિ પણ બક્ષિસ છે. રાજાજીનો અત્યંત આગ્રહ જોઈ ફુલકુંવરે તકનો ઉપયોગ સાધ્યો.

"મારે બક્ષિસમાં બીજુ શું જોઇએ? માત્ર રાજસેવા. જો આપ ખરેખર કંઈ આપવા ઇચ્છતા હો તો જેટલી સત્તા રાજ્યમાં આપવાની છે એટલી સત્તા મને મળે, જે દ્વારા હું પ્રજાની સેવા કરી શકું."

"કબૂલ છે બેટા ફુલ ! તું મ્હારી બીજી નલિની છે. આ રાજ્ય તારૂં છે. તું ચાહે તે કરી શકીશ." રાજાજીએ ઉત્સાહપૂર્વક પોતાનું વચન પાળ્યું.

૫

જે બંદરે દેશપરદેશના વહાણો ઉતરતાં તે સ્થળે ફુલકુંવરે ખાસ બંગલો બંધાવી જકાતખાતું પોતાના હાથમાં લીધું. રાજ્ય કેમ આબાદ બને, પ્રજા પરદેશી માલના બોજામાંથી કેમ મુક્ત થાય એ વિષયમાં ત્હેણે ઉપયોગી સુધારા કર્યા. જનકરાય તો ફુલકુંવરની રાજકીય પ્રકરણમાં રાજવંશીને છાજે તેવી બુદ્ધિ જોઇ તાજુબ થયો. ધીમે ધીમે ન્યાયખાતામાં ફુલકુંવરે રાજાજીને મદદ કરવાનું માથે લીધું. પ્રજાને ફુલકુંવરની ન્યાય તોળવાની શક્તિથી બહુ સંતોષ થયો. રાજાનો પાટવીકુમાર જે દરજ્જો ભોગવે તે દરજ્જે ફુલકુંવર રાજાનો જમણો હાથ થઇ પડી. રાજવ્યવસ્થામાં પણ તે રેંટીઆને ભૂલી નહિ. જે પારોર પુણીમાંથી તેને આ પાદશાહી પ્રાપ્ત થઇ હતી તે પુણીની પૂજા તેણે નિશદિન ચાલુ રાખી હતી.

સુધાકર ગુમ થયાને પૂરા પાંચ વર્ષ થયાં. હવે પાદશાહી ભોગવતી, ફુલકુંવરને સ્વામીની યાદ હરપળે આવવા લાગી. હવે તે ગમે ત્યાંથી જલદી આ તરફ આવશે જ એવી તેની ગણત્રી હતી. હમણાં હમણાં તે ખાસ કરી બંગલાની બારીએ બેસી નિત્ય નવીન

આવનાર મુસાફરોને બારીકાઇથી નીરખતી હતી.

આજે જાવાબંદરથી મોટી સંખ્યામાં વહાણો આવ્યાં છે એવા ખબર મળતાં તે આતુરતાથી મુસાફરો પર નજર રાખતી બેઠી હતી.

"હા, એજ !" તેનાથી એકદમ બોલાઈ ગયું, પાંચ પાંચ વર્ષ થયાં છતાં એજ પોતાનો પ્રિયતમ છે તે આ ચતુર નારી પારખી ગઈ. તેની આંખોમાં હર્ષાશ્રુ આવ્યાં. માણસને બોલાવી તેને ખાનગી હુકમ આપ્યો.

જેટલા મુસાફરો આવતા તેવા જકાતખાતાં તરફથી અગાઉ બહુ કનડગત થતી, પણ જ્યારથી ફુલકુંવરે એ ખાતું હાથમાં લીધું ત્યારથી મુસાફરોની પ્રમાણિકતા પર વિશ્વાસ રાખવાની પ્રણાલી શરૂ થઇ હતી સર્વ મુસાફરો-માંથી સુધાકરને બંદરકાંઠાના અધિકારીએ ખાસ રોકયો.

"કેમ, ભાઇસાહેબ ! હેરાન કરવો હોય તો અગાઉથી કહેજો. પણ લાંબી મુસાફરીથી થાકી ગયો છું માટે જલદી નિકાલ થાય તેમ કરજો. તમારે જોઇએ તો......"

"શેઠ ! આપના વહાણમાં ઘણો સામાન છે એટલે અમારા 'બા' પાસે ખાસ પરવાનગી મેળવવી પડશે."

"જેવો હુકમ. હુકમને કઈ ના પડાશે ?"

"શેઠ ! આજે તમે અમારા મહેમાન છો. તમારે

માટે સર્વ બંદોબસ્ત અમે કરીશું" ફુલકુંવરના ખાનગી માણસે શેઠને આમંત્રણ આપ્યું.

જકાતખાતાના અધિકારીને કહી તે માણસ સુધાકરને બંગલા ઉપર લઈ ગયો. દાખલ થતાં દાસદાસીઓએ સુધાકરનું પ્રેમપૂર્ણ સ્વાગત કર્યું. સુધાકરની હાલત અત્યારે બહુ કફોડી હતી. પોતાની પત્નીનું શું થયું હશે? જો આ ઉપાધિમાંથી જલદી નિકાલ થાય તો ગામમાં જઈ તપાસ કરવા તે ઈંતેજાર હતો. અત્રે તેનું એક વાત ઉપર ખાસ ધ્યાન ખેંચાયું. પાંચ વર્ષ ઉપર જ્યારે તે અહીં આવ્યો હતો ત્યારે રાજાનું રાજ્ય હતું, આજે આ 'બા' કોણ?

બારીક તપાસ કરાવ્યા પછી ફુલકુંવરની ખાત્રી થઈ કે આજ પોતાનો પતિ છે. તેણે તુરત સ્વાર મોકલી અમરચંદને તેડાવ્યો અને પોતાની જે હકીકત આજસુધી ખાનગી રાખી હતી તે કહી સંભળાવી.

સુધાકર અહીં જમ્યો, પણ આ જમાડનાર કોણ છે તે તેનાથી ન સમજાયું. ફરી ફરીને આ 'બા' કોણ છે તેના જ વિચારો તેને આવ્યા કર્યા તે વધારે કંઈ જાણી શક્યો નહિ, પણ તેની ખાત્રી થઇ ગઈ કે આ રાજ્યની લગામ આ 'બા' ના હાથમાં જ છે. તે જમીને ઉઠે એ દરમ્યાન તેના સામાનના એક કોથળામાં ફુલકુંવરે ચાર જરીનાં સેલાં પોતાના માણસો દ્વારા યુક્તિથી નખાવી દીધા.

સુધાકર જમી પરવારી જકાતખાતાના અધિકારી પાસે ફરીથી ગયો.

" જુઓ શેઠજી ! તમે પ્રમાણિકપણે તમારા માલની વિગતો આપશો તો 'બા' એ તમને જવા દેવાની મને પરવાનગી આપી છે." અમલદારે 'બા' નો હુકમ સંભળાવ્યો.

સુધાકરે સર્વ વિગતવાર લખાવ્યું તેટલામાં બંગલાનો એક સિપાઈ ત્યાં આવ્યો.

" શેઠસાહેબ ! તમે અમારા બંગલામાંથી ચોરી કરી છે. "

" આ તમારો સિપાઇ દીવાનો લાગે છે. શું હું ચોર ? "

" હા, હા, તમે જ ચોર છો. દેખાડો તમારો સામાન ? "

વાત જરા વધી. મામલો ગુંચવાયો. સામાન ચૂંથાયો અને શેઠના કોથળામાંથી ચાર સેલા પકડાયા. સુધાકર આભો બની ગયો. આ બલા ક્યાંથી ? તેને તુરત પકડવામાં આવ્યો. જ્યાં સુધી કોઈ જામીન ન પડે અને 'બા' પાસે ઇન્સાફ ન થાય ત્યાં સુધી કોટડીમાં રહેવાનું ભાગ્ય પ્રાપ્ત થયું.

અમરચંદ ફુલકુંવરની બધી બાજીનો ભાગીદાર બન્યો. સુધાકરની સ્થિતિ જોઈ તે વૃદ્ધ પુરૂષ હસ્યો. કેવો મૂર્ખ માણસ ? આવી સુલક્ષણા પત્નીની પરીક્ષા

કરવા પાંચ વર્ષ સુધી જાવામાં રહ્યો !

"લ્યો, અમરચંદ શેઠ ! આપ આ શેઠને ઓળખો છો ? એણે 'બા' ના બંગલામાંથી ચોરી કરી છે."

હવે સિપાઇઓને એક બાજુ મોકલી અમરચંદે સુધાકર સાથે એકાંત સાધી.

"તમને અહીં કોઇ ઓળખે છે ? અગાઉ કોઇ દિવસ અહીં આવ્યા હતા ?"

બંદિવાન બનેલા સુધાકરે ઉંડો નિશ્વાસ નાંખ્યો. ધીમે સ્વરે તે બોલ્યો, "પાંચ વર્ષ પહેલાં હું અને મારી સ્ત્રી અહી આવ્યાં હતાં."

"પછી ?" અમરચંદે મીટ માંડી.

"હું કમભાગી મારી સ્ત્રીને એકલી છોડી જવા ગયો."

"સ્ત્રી ક્યાં ગઈ ?"

"મને કંઈ ખબર નથી–મેં તો મૂરખની માફક પીરસેલી થાળી ઠેલી."

"અરે ! તમારી પત્ની ક્યાં ગઇ તેની તમને ખબર નથી ? કંઈ કાગળપત્ર ?"

"કંઇ નહિ. એ મરી ગઈ કે જીવતી છે તેની પણ મને ખબર નથી. તેના દુઃખનો નાયક હું જ છું."

"તમારો આ ગુન્હો તો ઇશ્વરની નજરમાં ખરે મોટો છે. તમે કાયદામાં આવો કે ન આવો છતાં આ

બાબતનો ખુલાસો કરવા તમને અમારાં ન્યાયમૂર્તિ 'બા' પાસે ઉભા કરવા પડશે." અમરચંદે દમામનો ડોળ કર્યો.

"એ તમારાં 'બા' કોણ છે ?"

"આ રાજ્યનાં અરધાંઅરધ માલેક છે ?"

આ પછી બે સિપાઈઓ સાથે આ કેદીને ફુલકુંવરને બંગલે લઈ જવામાં આવ્યો. પોતાના પતિનું વધારે વાર સહેજ પણ અપમાન થાય એ આ સદ્‌ગુણી શ્યામાને અસહ્ય લાગ્યું. પણ નાટક ભજવવો તો પૂરેપૂરો ભજવવો એવી અમરચંદે તેને સલાહ આપી.

ફુલકુંવર પાસે કેદી ખડો થયો. ચોરીનો માલમુદ્દો રજુ થયો.

કેદી તો ભાન ભૂલ્યો. ફુલકુંવર જોતાં પોતાની યુવાન પત્નીનું મોહક મુખડું સુધાકરને યાદ આવ્યું તે નિરખી નિરખીને તેને જોવા લાગ્યો. આ દિલની શંકા કોની પાસે રજુ કરાય ? જો પોતે ખોટો પડે તો રાજ્યનો ગુન્હેગાર બને. તેથી તે ચૂપ રહ્યો.

વધુ તપાસ માટે હમણાં આ ખટલો મુલ્તવી રહ્યો. સિપાઈઓ સુધાકરને લઈ ગયા. ફરી અમરચંદ હસ્યો.

"શેઠ ! તમારો જામીન પડે એવું આ ગામમાં કોઈ નથી ?"

"મારી સ્ત્રી સિવાય બીજું અહીં કોઈ ન્હોતું." આમ કહી તેણે પોતાની બધી હકીકત અમરચંદ આગળ પેટ

બોલીને ફરી. બોલતાં બોલતાં તે ગળગળો થઇ ગયો.

"ઉભા રહો! ગભરાઓ નહિં." ધીરજ આપતો અમરચંદ ઉપર ગયો.

થોડીવારમાં એજ જાડો ઘાઘરો અને એજ ધીંગો પછેડો ઓઢી ફુલકુંવર અમરચંદ સાથે કેદી પાસે આવી ઉભી રહી.

"આ કોણ?" અમરચંદે કેદીને પ્રશ્ન કર્યો.

"એજ મ્હારી ફુલ!" હર્ષાતુર હૃદયે સુધાકર બોલી ઉઠ્યો.

"અરે એ તો અમ્હારા રાજ્યના ધણી છે." અમરચંદ કટાક્ષમાં હસ્યો.

"હું નહિ પણ એમણે આ પછેડાને છેડે બાંધેલી પાશેર પુણી આ રાજ્યની ધણી છે" ફુલકુંવર પણ બોલતી બોલતી હસી.

"ત્યારે તમે જામીન પડી આમને છોડાવશો કે?" વૃદ્ધ અમરચંદ રસિયો બન્યો.

સુધાકર સમજી ગયો કે ન્યાયાસનપર બિરાજેલ "આ" તેજ ફુલકુંવર, અને પોતે તેનો રાજ્યકેદી?

તુરતજ સિપાઇઓને ત્યાંથી ચાલી જવા હુકમ થયો. સુધાકર છૂટો થયો.

"સુધાકર શેઠ! આ પાશેર પુણીમાંથી પાદશાહી જોઇ?" અમરચંદે પ્રશ્ન કર્યો.

"મેં જોયું અને આખું જગત પણ જોશે કે

પાશેર પુણી શું કરી શકે છે."

તુરત જ જનકરાયને ત્યા સુધાકર, અમરચંદ અને ફુલકુંવર આવી પહોંચ્યાં. ફુલકુંવર તથા સુધાકરની હકીકત આખા મેઘબંદરમાં ઘેરઘેર પહોંચી ગઈ. પાશેર પુણીમાંથી પાદશાહી એ આજે મેઘબંદરમાં ઘરઘરનો વિષય થઇ પડયો.

× × ×

જોઇએ છે નૂતન યુગમાં પાશેર પુણીની પુન-રણો-ફુલકુંવર જેવી બ્હેનો !

આ વિષે વધુ ચર્ચા વાંચવી હોય તો 'યુગાન્તર' ગ્રંથમાળાનું ત્રીજું પુષ્પ 'યુગધર્મ' વાંચો.

'યુગાન્તર' ગ્રંથમાલા.

ઉદ્દેશ.

હિંદની દિવ્યભૂમિ એની એ છે, **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत** સુણાવતો પૂનિત હિમાલય એનો એ છે, આકાશમાં સૂર્ય અને ચંદ્ર એના એ છે છતાંયે હિંદુસ્થાનમાં કલિનો કેર સર્વત્ર દેખાય છે. એ પરદેશીઓથી પદદલિત થયેલા હિંદમાં આશરે અડધી સદી પ્હેલાં યુગાન્તરની ઉષા પ્રકટી. પૃથ્વીના પરિવ્રાજક સમા કર્નલ ઓલ્કોટ ને મૅડમ બ્લેવ્ટસ્કીએ અંધારના પુંજ્ય તટે થીઓસોફીના મંદિર માંડયાં. પરમપુરૂષ શ્રી રામકૃષ્ણ પરમહંસે દક્ષિણેશ્વરના મંદિરમાંથી શુદ્ધ જ્ઞાન અને ભક્તિના સારપ સેરવ્યા. વેદાન્તકેશરી વિવેકાનંદે ખંડે ખંડમાં સનાતન ધર્મનો વિજયઘોષ કર્યો. પુરૂષોત્તમ શા સ્વામી રામતીર્થે **तत्त्वमसि**નું પરમ વાક્ય સ્પષ્ટ સમજાવ્યું, ત્યારથી યુગાન્તરનો **આરમ્ભ થયો** એમ કહી શકાય.

તે પછી સાહિત્ય અને કલા, રાજકીય અને આર્થિક જીવનમાં તત્ત્વોનો સંચાર થયો. એ સૈકાની શરૂઆતમાં સ્વરાજ્ય, સ્વદેશી ને રાષ્ટ્રીય શિક્ષણની ચળવળ શરૂ થઇ. મહાત્મા ગાંધીજીએ એમાં નૂતનતા પૂરી, એને ખૂબ જમાવી ને પ્રસારી.

આ પ્રવૃત્તિના સૂક્ષ્મ નિરીક્ષકો કહે છે કે એમાં પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનુ તારણુ છે, યુગાન્તર કરવાનો એનો આશય છે. ને એ ઉદ્દેશથી આ ગ્રંથમાળા પ્રકટે છે.

શ્રી અરવિંદ ઘોષ અને તેમના મિત્ર પૉલ રિશાર આર્યધર્મમાં યુગાન્તરના બીજ જુવે છે. એ આર્ય સંસ્કૃતિના ને સનાતન ધર્મના ગ્રંથો, શ્રી અરવિંદ ઘોષ ને સંત પૉલરીશાર, સ્વામીશ્રીરામતીર્થ ને શ્રીવિવેકાનંદના ગુજરાતીમાં પ્રસિદ્ધ ન થયેલા ગ્રંથો આ કાર્યાલયદ્વારા પ્રકટ થશે.

એશીયા એ સર્વ ધર્મનું જન્મસ્થાન છે, તે સૌ સરિતનો સંગમ હિંદુસ્થાનમાં થયો છે, અને એમાંથી એક સંસ્કૃતિ જન્મે છે.એ એશીયાના જુદા જુદા દેશમાં થઇ ગયેલા ઉપદેશકોના ઉપદેશો આ કાર્યાલયદ્વારા પ્રગટ થાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રજાને વીર્યવાન બનાવી નવચેતનપ્રેરે એવા ધર્મ અને તત્ત્વજ્ઞાનના, કલા અને સાહિત્યના, રાજપ્રકરણુ અને અર્થશાસ્ત્રના અભ્યાસીઓના ગ્રંથો, ગ્રંથમાલાના ગ્રાહકોની સેવામાં રજુ કરવામાં આવશે.

દેશ દેશમાં સ્વતંત્રતા કાજે કુરબાની દેતી પ્રજા-

ઓના ઇતિહાસ, તેમજ તદ્દન નવીન શૈલીથી લખાયેલા બાલસાહિત્ય અને સ્ત્રી સાહિત્યના ગ્રંથો, વિધવિધ દેશોની —જુદી જુદી ભાષાના સાહિત્યોની પ્રસાદીઓ—અમેરીકાના વોલ્ટ વ્હીટમેન ને થોરોથી માંડીને ડૉ. સ્વીટ માર્સડન; યુરોપના ટોલસ્ટોય, મેઝીની, વોલટેયરથી માંડીને એચ. જી. વેલ્સ વિગેરેના યુગાન્તર કરતા ગ્રંથો; બંગાળીના બંકિમ, રવીન્દ્ર, દ્વિજેન્દ્રના નાટકો, મરાઠીના આપ્ટે, કેળકર સમા સમર્થ સાક્ષરોના તેમજ લાલા લજપતરાય, ભાઇ પરમાનંદ વિગેરેના ધાર્મિક, રાજકીય આદિ વિષયોના ગ્રંથો અને દેશ વિદેશના મહાન પુરૂષોના જીવનચરિત્રો વિગેરે આપીશું.

પુસ્તકો જેમ બને તેમ સચિત્ર, દેખાવડા, કળાવંત અને શુશોભીત કરવા ભારે પ્રયત્ન કરવામાં આવશે.

આ યોજના સફળ થયે પુસ્તકોને જેમ બને તેમ વધારે સસ્તા કરવા ઇરાદો છે પણ એ સર્વ આધાર ગ્રાહકો ઉપર છે.

ગ્રંથમાલાના સ્થાયી ગ્રાહકોના નિયમો.

૧. ફક્ત આઠ આના પ્રવેશક ફી આપવાથી આ ગ્રંથમાલાના સ્થાયી ગ્રાહક થઇ શકાય છે.

૨. સ્થાયી ગ્રાહકોને ગ્રંથમાલાના સર્વ પુસ્તકો પોણી કીંમતે મળશે. ગ્રાહકોને સર્વ ગ્રંથો બ્હાર પડ્યે વી. પી. થી મોકલવામાં આવશે.

૩. કાંઇપણ યોગ્ય કારણ વિના વી. પી. પાછું ઠેલનારને ગ્રંથમાલાની ગ્રાહકશ્રેણીમાંથી કમી કરવામાં આવશે. પરંતુ યોગ્ય કારણ હશે તો આગલો ટપાલખર્ચ વસુલ કરી, ગ્રાહક શ્રેણીમાં કાયમ રાખવામાં આવશે.

૪. આખા વર્ષમાં ગ્રંથમાલાના રૂપીયા ૪-૫ (છાપેલી કીંમત)ના ગ્રંથો પ્રકટ કરવામાં આવશે.

૫. હમારે ત્યાંથી દશ રૂપીયા ઉપરના પુસ્તકો લેનાર ગ્રંથમાલાના ગ્રાહકોને યોગ્ય વળતર કાપી આપવામાં આવશે.

૬. ગ્રંથમાલાના ગ્રાહકોને **જોઇએ તેટલી નકલો, જોઇએ તેટલી વાર,** પોણી કીંમતે મળશે.

ખાસ લાભ.

આ ગ્રંથમાલાનું પ્રથમ પુસ્તક **'અખૂટ જીવન-દોરી'** (કીંમત રૂા. ૧) માગશર માસ લગી લેનાર પાસેથી પ્રવેશક ફી લેવામાં આવશે નહિ.

તે ઉપરાંત

ગ્રંથમાલાના ગ્રાહકોને યુગાન્તર યજ્ઞની આહુતિઓ ભેટ દેવામાં આવશે.

સર્વોત્તમ લેખકો

જેવા કે:-

મહાત્મા ગાંધીજી	મહર્ષિ ગોખલે
શ્રી અરવિંદ ઘોષ	દ્વિજેન્દ્રનાથ રૉય
સંત પૉલ રીશાર	કવિ ન્હાનાલાલ
કવિવર ટાગોર	રાજવી કવિ કલાપી
શ્રીરામકૃષ્ણ પરમહંસ	શ્રી કનૈયાલાલ મુનશી
સ્વામી શ્રી વિવેકાનંદ	શ્રી બ. ક. ઠાકોર
સ્વામી શ્રી રામતીર્થ	શ્રી ગોવર્ધનરામ
અ. જેમ્સ એલન	કાકા કાલેલકર

ના

અમુલ્ય ઉત્કૃષ્ઠ પુસ્તકો

તેમજ

ધર્મ અને તત્ત્વજ્ઞાનના, કલા અને સાહિત્યના; રાજપ્રકરણ અને અર્થશાસ્ત્રના ઉત્તમ ગ્રંથો,

ઉપરાંત

નવજીવન, યુગધર્મ, ગાંડીવ, સૌરાષ્ટ્ર અરવિંદ તત્ત્વ કાર્યાલય, નવયુગ, સસ્તુ સાહિત્ય કાર્યાલય વિગેરે પ્રકાશન મંદિરોના ઉત્તમોત્તમ પુસ્તકો હમારે ત્યાં રાખવામાં આવે છે.

અખૂટ જીવનદોરી

અથવા

નૈસર્ગિક સાધનોથી સુદ્રઢ શારીરિક સંપત્તિ સાધ્ય કરવાની વિદ્યા.

લેખક

શ્રી. ચંદુલાલ લલ્લુભાઈ ગોવર્ધનદાસ.

સને ૧૯૧૦માં લેખકને વિ. સ્વામીશ્રી નિજ-બોધસ્વરૂપ જેમનું ઉપનામ પોલીગ્લોટ (polyglot) હતું, અને યુરોપ અમેરીકા વિગેરે સ્થળોમાં ૨૫ વર્ષ રહી ઘણી ભાષાઓ તેમજ વિદ્યાઓનો અભ્યાસ કરેલો તેમને કુદરતી ઇલાજોથી રોગો સારા કરવા સંબંધી ઘણી સુચનાઓ આપેલી અને રામબાણ ઔષધીઓ પણ બતાવેલી. આજ તેર વર્ષના અનુભવ પછી તેની ઉત્તમતા વિષે ખાત્રી થયા બાદ તે સર્વ બાબતો પુસ્તકાકારે બ્હાર પ છે એમાં કુદરતી ઇલાજો ઉપરાંત મુખ્ય મુ રોગોની ચિકિત્સા, નિદાન અને રામબાણ ઔ ધીઓ આપેલી છે. સ્ત્રી, પુરૂષ બાળકો સહુને ઉ યોગી થાય એવું પુસ્તક ગુજરાતીમાં પ્રથ નીકળે છે. વ્હેલો તે પ્હેલો ! કિમ્મત રૂા. ૧.